ફ્લાયદુબઈની ઘટનામાં ઈરાનનો હાથ જણાશે તો તેના પર સખત પ્રહાર કરાશેઃ ટ્રમ્પ

હુમલાખોર કો-પાયલોટના ઇરાન સાથે સંબંધો હતા કે કેમ? તે અંગે અમેરિકા તપાસ કરી રહ્યું છે

યરુશલેમ, તા. ૨(AP) અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે જો ઈરાન ઈઝરાયેલ જતી ફ્લાઈટને ક્રેશ કરવાનો પ્રયાસ કરનાર કો-પાઈલટ સાથે જોડાયેલું માલૂમ પડશે, તો વિમાનમાં સવાર ૧૮૦થી વધુ લોકોના જીવ લેવાના આ પ્રયાસ બદલ તેના પર "ખૂબ જ જોરદાર" હુમલો કરવામાં આવશે.

તપાસકર્તાઓ કો-પાઈલટે કેમ ફ્લાઈટના કેપ્ટન પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો તેનું કારણ શોધવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે ટ્રમ્પે આ ચેતવણી આપી હતી. આ હુમલાને કારણે ફ્લાયદુબઈનું પ્લેન નીચે તરફ ખાબકવા લાગ્યું હતું, ત્યારબાદ બોર્ડ પરના અન્ય લોકોએ હુમલો રોક્યો હતો અને એરલાઈનરને સાઉદી અરેબિયામાં સુરક્ષિત લેન્ડ કર્યું હતું.

વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો દ્વારા પ્રમુખને પૂછવામાં આવ્યું હતું કે હુમલા પાછળના પાયલટ અને તેહરાન વચ્ચેના કોઈ સંબંધો વિશે તેમને જાણ કરવામાં આવી છે કે નહીં. ટ્રમ્પે કહ્યું, "હું જે સાંભળી રહ્યો છું તેના આધારે કહી શકું કે તેનો જવાબ 'હા' છે, પરંતુ અમે હાલ તેના પર કામ કરી રહ્યા છીએ." ઈરાન સામેલ હોવાની તેમને કેમ શંકા છે તે અંગે તેમણે વધુ વિગતો આપી નહોતી. જો ઈરાન આ હુમલા પાછળ હોય તો શું અલ્ટિમેટમ આપીને અમેરિકા તેહરાન સામે જવાબી કાર્યવાહી કરશે? તેવા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું, ઓહ, તેમના પર ખૂબ જોરદાર પ્રહાર કરવામાં આવશે, તમે ચિંતા ન કરો.

ભારતે લશ્કરના ત્રાસવાદીને ઠાર માર્યા બાદ પાકિસ્તાને 'નકલી' મોહમ્મદ આસિફને રજૂ કર્યો

ઈસ્લામાબાદ, તા. 2ઃ ભારતીય સેનાએ જમ્મુ-કાશ્મીરના બડગામમાં લશ્કર-એ-તૈયબાના કમાન્ડર અને પાકિસ્તાની એસએસજીના પૂર્વ કમાન્ડો મોહમ્મદ આસિફ ઉર્ફે હાશિમ મૂસાને એન્કાઉન્ટરમાં ઠાર માર્યો હતો. જોકે, ભારતનો દાવો ખોટો સાબિત કરવા માટે પાકિસ્તાની સેનાએ (ડીજી આઈએસપીઆર) પત્રકાર પરિષદમાં મોહમ્મદ આસિફ નામના એક વ્યક્તિને રજૂ કરીને તે જીવંત હોવાનો દાવો કર્યો હતો.

પરંતુ, પાકિસ્તાનનો આ પ્રોપેગેન્ડા તરત જ ખુલ્લો પડી ગયો. સ્વતંત્ર ઓએસઆઈએનટી નિષ્ણાતો, સંરક્ષણ વિશ્લેષકો અને પૂર્વ ભારતીય લશ્કરી અધિકારીઓએ જૂની તસવીરો સાથે સરખામણી કરીને ચહેરાના ફિચર્સ, નાક, કાન અને આંખોની રચનામાં તફાવત દર્શાવીને આ દાવો ફગાવી દીધો હતો.

હકીકતમાં, માર્યા ગયેલો હાશિમ મૂસા 2025ના પહેલગામ આતંકી હુમલામાં સામેલ હતો અને પરવેઝ મુશર્રફની સુરક્ષા ટીમનો પણ હિસ્સો રહી ચૂક્યો હતો. તે પીર પંજાલ વિસ્તારમાં સક્રિય છેલ્લો બચેલો મુખ્ય આતંકવાદી હતો. ભારતે તેને ઠાર કરીને લશ્કરના નેટવર્કને મોટો ઝટકો આપ્યો છે, આ આંચકાને છુપાવવા પાકિસ્તાને નકલી વ્યક્તિ રજૂ કરવાનું નાટક કર્યું હતું.

પુખ્ત પુત્રની ગેરવર્તણૂક માટે સસરા જવાબદાર નહીંઃ દિલ્હી હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

પુત્રના વાંક બદલ સસરા સામે ઘરેલુ હિંસાનો કેસ ન થઈ શકે

માત્ર પક્ષકારો વચ્ચે કૌટુંબિક સંબંધ હોવો એ આ કાયદાની જોગવાઇ લાગુ કરવા માટે પૂરતો નથી

નવી દિલ્હી, તા. ૨(પીટીઆઈ)ઃ દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું છે કે માત્ર પોતાના પુખ્ત વયના પુત્રના વર્તન કે આચરણને નિયંત્રિત કરવામાં નિષ્ફળ રહેવા બદલ સસરાને ડૉમેસ્ટિક વાયલન્સ એક્ટ હેઠળ જવાબદાર ગણાવી શકાય નહીં.

જસ્ટિસ મધુ જૈને એક મહિલા દ્વારા દખલ કરવામાં આવેલી અરજીને ફગાવતા આ આદેશ આપ્યો હતો. મહિલાએ તેના સસરા સામે કરેલા ઘરેલુ હિંસાના આક્ષેપો પર આગળની કાર્યવાહી ન કરવાના નીચલી અદાલતના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. અરજીકર્તાએ દાવો કર્યો હતો કે તેના પતિના અન્ય મહિલા સાથેના સબંધો બાબતે સસરાએ પતિ સામે કોઈ કાર્યવાહી કરી ન હતી. અદાલતે નોંધ્યું હતું કે ઘરેલુ હિંસા એક્ટની કલમ 3 હેઠળ એવા વર્તનનો સમાવેશ થાય છે જે શારીરિક કે માનસિક નુકસાન પહોંચાડે છે અથવા તેની ધમકી આપે છે, જેમાં મૌખિક, ભાવાત્મક અને આર્થિક શોષણનો સમાવેશ થાય છે, પરંતુ માત્ર પક્ષકારો વચ્ચે કૌટુંબિક સંબંધ હોવો એ આ કલમ લાગુ કરવા માટે પૂરતો નથી.

સસરાની કથિત વૈવાહિક ગેરવર્તણૂકમાં કોઈ હિસ્સેદારી ન હોવાનું નોંધતા અદાલતે કહ્યું, "પોતાના પુખ્ત પુત્રના આચરણને નિયંત્રિત ન કરવા માત્રથી પિતાને આ એક્ટ હેઠળ જવાબદાર ગણાવી શકાય નહીં. ઓગસ્ટમાં પસાર કરવામાં આવેલા આ આદેશમાં અદાલતે એ બાબત પણ ધ્યાને લીધી હતી કે વર્તમાન કેસમાં અરજદાર અને તેના સસરા એક પેઢીમાં ભાગીદાર તરીકે વ્યવસાયિક સંબંધ પણ ધરાવતા હતા. કોર્ટે જણાવ્યું કે જ્યારે કોમર્શિયલ વિવાદ ડોમેસ્ટિક વાયોલન્સ(DV) એક્ટની કલમ 3 ના દાયરામાંથી બહાર નથી, ત્યારે એ દર્શાવવું જરૂરી છે કે તેણીને DV એક્ટ દ્વારા સુરક્ષિત ઉપાયથી વંચિત રાખવામાં આવી હતી.

અનુસંધાન... પાના પહેલાનું

દીપકેએ ઓટો રિક્ષા...

હાથ પણ મિલાવ્યા હતા. સોશિયલ મીડિયા પર આ વાયરલ વીડિયોમાં દીપકે સાંજે 4 વાગ્યે યોજનારા 'જેલ ભરો આંદોલન' માટે દાદરના શિવાજી પાર્ક પહોંચવા માટે લોકોને આમંત્રણ આપતા દેખાયા હતા.

શિવાજી પાર્ક વિરોધ...

કટાક્ષ કરતા લખ્યું કે, તેમને ખુશી છે કે શિવાજી પાર્કના રહીશોએ નોઈઝ પોલ્યુશન અંગે અવાજ ઉઠાવ્યો. તેમણે વ્યંગાત્મક અંદાજમાં ઉમેર્યું કે, તેઓ '100 ટકા ખાતરી' રાખે છે કે ભવિષ્યમાં જ્યારે પણ રાજકીય પક્ષો અહીં મોટી રેલીઓ કરશે, ત્યારે પણ સ્થાનિકો આટલી જ તીવ્રતાથી વિરોધ નોંધાવશે. ઉલ્લેખનીય છે કે આ પ્રદર્શનમાં જાવેદ અખ્તરનાં પત્ની અને અભિનેત્રી શબાના આઝમીએ પણ હાજરી આપી મંચ પરથી સંબોધન કર્યું હતું.

મુંબઈમાં સીજેપીના...

પ્રદર્શનમાં સામેલ થવા શિવાજી પાર્ક પહોંચ્યા હતા. સાંજે 5 વાગ્યાની આસપાસ તેમને છાતીમાં અસહ્ય દુખાવો ઉપડતાં સ્થળ પર હાજર મિત્રો અને પોલીસ કર્મચારીઓ તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. પોલીસની મંજૂરી ન હોવા છતાં કોકરોચ જનતા પાર્ટીના આ વિરોધ પ્રદર્શનમાં આકરા તાપ વચ્ચે પણ હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

મુંબઈમાં CEC સામે...

કરવું પડી રહ્યું છે NEET પેપર લીક અંગે જંતર મંતર ખાતેના વિરોધ પ્રદર્શન પછી." એકસાથે ચૂંટણી કરાવવાના પ્રસ્તાવનો ઉલ્લેખ કરતા તેમણે દાવો કર્યો હતો કે શાસક ભારતીય જનતા પાર્ટીનો વાસ્તવિક ઉદ્દેશ્ય "એક દેશ, એક ચૂંટણી, એક પક્ષ" કરવાનો છે. દીપ્કેએ જણાવ્યું હતું કે CJP એ સીઈસી કુમાર સામે વિરોધ શરૂ કરવા માટે મહારાષ્ટ્રની પસંદગી કરી કારણ કે કથિત ગેરરીતિઓ આ રાજ્યમાંથી જ શરૂ થઈ હતી. તેમણે દાવો કર્યો હતો કે બે વર્ષમાં ૧૩ કરોડ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. ૨૦૨૪માં ૯૭ કરોડ નોંધાયેલા મતદારો હતા અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં એનડીએ અને ઈન્ડિયા ગઠબંધન વચ્ચે જીતનું અંતર માત્ર ૨ ટકા હતું. દીપ્કેએ આક્ષેપ કર્યો હતો કે આ અંતર વધારવા માટે જ ચૂંટણીના ૧૫ દિવસ પહેલા કુમારની નિમણૂક કરવામાં આવી હતી.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ૨૦૨૪માં ભાજપે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં "ચોરી" કરી હતી કારણ કે મતદાર યાદીમાં ૪૦ લાખ નવા મતદારો ઉમેરવામાં આવ્યા હતા. દિલ્હીમાં, આપ (AAP) નેતા અરવિંદ કેજરીવાલના મતવિસ્તારમાંથી ૪૦,૦૦૦ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા અને તેઓ ૪,૦૦૦ મતોથી હારી ગયા હતા, તેમ દીપ્કેએ જણાવ્યું હતું. CJP નેતાએ આક્ષેપ કર્યો હતો કે તમિળનાડુમાં પૂર્વ મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિનના મતવિસ્તારમાંથી લગભગ એક લાખ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા અને તેઓ ૧૦,૦૦૦ મતોથી હારી ગયા હતા, જ્યારે પશ્ચિમ બંગાળમાં પણ મમતા બેનર્જી પોતાના મતવિસ્તારના મતદારોના નામ કાઢી નાખ્યા બાદ આવી જ રીતે હારી ગયા હતા.

જ્ઞાનુ, રિઝાઇનઃ...

લખેલું બેનર પકડ્યું હતું. પુણેથી આવેલા એઆઈએસએફ(AISF) સંલગ્ન જૂથોએ પાર્કની સરહદ નજીક "ચલે જાઓ", "વાપસ દો", અને "બંધ કરો" ના નારા લગાવતી વખતે વાજિંત્રો વગાડીને પ્રદર્શનમાં સૂર પુરાવ્યો હતો. મહાત્મા ગાંધીની જન્મજયંતિના દિવસે જ આયોજિત આ વિરોધ પ્રદર્શનના મંચ પર અહિંસા અને સાદગી પરના વિચારોની સાથે બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપતા લખાણો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. મુસાફરોને કોઈ અગવડ ન પડે તે માટે ગવર્નમેન્ટ રેલવે પોલીસ(GRP) અને રેલવે પ્રોટેક્શન ફોર્સ(RPF) એ પણ દાદર રેલવે સ્ટેશન પર વધારાના જવાનો તૈનાત કર્યા હતા.

દિલ્હીમાં પણ...

AISA, SFI, NSUI સહિત અન્ય વિદ્યાર્થી તેમજ યુવા સંગઠનોના સભ્યો મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) પ્રક્રિયામાં કથિત ગડબડ અને મોટા પાયે મતદારોના નામ રદ કરવાના વિરોધમાં જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા હતા. જો કે આ સંગઠનોના નેતાઓને જંતર મંતર ખાતે ભેગા થવા દેવાયા ન હતા અને તેઓ ત્યાં પહોંચે તે પહેલા જ તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. આપ નેતા સૌરભ ભારદ્વાજ અને સંજીવ ઝાની કેટલાક કાર્યકરો સાથે જંતર મંતર પરથી અટકાયત કરવામાં આવી હતી, AISA અધ્યક્ષ નેહા બોરા અને સંગઠનના અન્ય સભ્યો જંતર મંતર તરફ દોડતા જોવા મળ્યા હતા, પરંતુ દિલ્હી પોલીસ દ્વારા તેમને વચ્ચે જ રોકી દેવામાં આવ્યા હતા. ફિરોઝ શાહ રોડ અને અશોકા રોડ જેવા અનેક સ્થળોએ પ્રદર્શનકારીઓએ બેરિકેડ્સ પાર કરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે કે પોલીસકર્મીઓએ તેમને નિયુક્ત વિરોધ સ્થળ તરફ આગળ વધતા અટકાવ્યા હતા. જ્યારે અન્ય પ્રદર્શનકારીઓને વિરોધ સ્થળ સુધી પહોંચવાનો પ્રયાસ કરતી વખતે અલગ-અલગ જગ્યાએથી પકડી લેવામાં આવ્યા હતા. અટકાયત કરાયેલા લોકોમાં આતિશી અને રાજ્યસભા સાંસદ સંજય સિંહ પણ સામેલ હતા. સંજય સિંહ વિરોધ સ્થળ તરફ જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને નોર્થ એવન્યુ ખાતે રોક્યા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સવારે ૧૧ વાગ્યાની આસપાસ જંતર મંતર પહોંચવાનો પ્રયાસ કરી રહેલા SFIના આશરે ૭૦૦ સભ્યોને અશોકા રોડ રાઉન્ડઅબાઉટ પાસે રોકવામાં આવ્યા હતા અને તેમાંથી ઘણાની અટકાયત કરવામાં આવી હતી.

ઇન્ટરનેટ બંધ,...

ચોક અને સેન્ટ્રલ સેક્રેટરિયેટ જેવા મહત્વના સ્ટેશનો પણ શામેલ હતા. જંતર મંતર આસપાસના વિસ્તાર અને ત્યાં જતા રસ્તાઓ પર અફરાતફરીના દ્રશ્યો જોવા મળ્યા હતા, કારણ કે પ્રદર્શનકારીઓએ બેરિકેડ્સ વચ્ચેથી પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. \

CJPના વિરોધ...

જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર એટલી અક્ષમ છે કે નીટ પેપર લીક મુદ્દે જંતર-મંતર ખાતે કરેલા આંદોલનના બે જ મહિનામાં તેમણે ફરી બીજું આંદોલન શરૂ કરવું પડ્યું છે. તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પડકાર ફેંક્યો હતો કે તેઓ પ્રદર્શનકારીઓને જેલમાં મોકલી બતાવે.

એશિયન ગેમ્સ...

માટે ખરાખરીનો જંગ ખેલાશે. ટી-20 ક્રિકેટના દિગ્ગજ ખેલાડીઓથી સજ્જ ભારતીય ટીમ આ રાજકીય રીતે અત્યંત ગરમ વાતાવરણ વચ્ચે રમાનારી મેચમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા આતુર છે. જસપ્રીત બુમરાહ જેવા દિગ્ગજ ફાસ્ટ બોલરને સામેલ કર્યા પછી ભારત માટે ગોલ્ડ મેડલ જીતવો સામાન્ય બાબત ગણાશે, પરંતુ હાર અત્યંત શરમજનક સાબિત થશે.

આ સ્પર્ધામાં માત્ર બે મેચ જીતીને ભારત અને પાકિસ્તાન બંને ટીમો ફાઈનલમાં પહોંચી છે. વચગાળાના હેડ કોચ વીએસએલ લક્ષ્મણ અને નવા ટી-20 કેપ્ટન શ્રેયસ અય્યર માટે સાહિબઝાદા ફરહાનની યુવા પાકિસ્તાની ટીમ સામે વિજય મેળવવો અનિવાર્ય છે. નિશિન સિટીના કોરોગી પાર્કની પીચમાં ભેજ અને તડકાના કારણે અસમાન ઉછાળ તેમજ સ્પિનરોને મદદ મળી રહી છે. આ ટ્રીકી પીચ પર ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચમાં સ્પિનરો મુખ્ય ભૂમિકા ભજવશે. ભારત માટે અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર અને રવિ બિશ્નોઈ મહત્વના રહેશે. બેટિંગમાં ભારત પાસે અભિષેક શર્મા, ઈશાન કિશન, સંજુ સેમસન, શ્રેયસ અય્યર અને તિલક વર્મા જેવા મજબૂત બેટ્સમેનો છે. પાકિસ્તાનની બેટિંગ મુખ્યત્વે કેપ્ટન સાહિબઝાદા ફરહાન, સૈમ અયૂબ અને હસન નવાઝ પર નિર્ભર રહેશે. ભારત પાસે ગુમાવવા માટે ઘણું બધું છે, જ્યારે પાકિસ્તાન પાસે ગુમાવવા જેવું ખાસ કંઈ નથી.

ભારતીયો પાકિસ્તાનીઓ...

કે પછી હાથ મિલાવશે તેવી શક્યતા ઓછી છે. એશિયન ગેમ્સ દરમિયાન જો કે વોલીબોલ, ટેબલ ટેનિસ અને હોકીમાં, ભારતીય અને પાકિસ્તાની ખેલાડીઓ તેમની મેચ પછી હાથ મિલાવતા અને એકબીજાને ભેટતા જોવા મળ્યા હતા, પણ ક્રિકેટમાં એવી સંભાવના જણાતી નથી.

ACC પ્રમુખ મોહસીન...

પોતાના સત્તાવાર મીડિયા હેન્ડલ 'X' પર લખ્યું હતું કે પ્રમુખ મોહસીન નકવી અગાઉની પ્રતિબદ્ધતાને કારણે એશિયન ગેમ્સ 2026 ની ફાઇનલમાં હાજરી આપી શકશે નહીં પરંતુ ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ મેચ પહેલા ચારેય ટીમોને તેમની હાર્દિક શુભેચ્છાઓ મોકલાવી છે. નકવીએ પોસ્ટમાં કહ્યું કે એશિયન ગેમ્સ 2026 માં ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ મુકાબલા પહેલા બધા સહભાગીઓને મારી હાર્દિક શુભેચ્છાઓ. પ્રતિબદ્ધતાને કારણે, હું નાગોયાથી દૂર રહીશ. પરંતુ હું કેટલાક રોમાંચક મુકાબલાઓની રાહ જોઈ રહ્યો છું.

કેપ્ટન સ્મિત...

ચર્ચાનો વિષય બની છે. હિંદી ભાષામાં મચ્છર શબ્દનો અર્થ સામાન્ય મચ્છર સાથે જોડાતો હોવાથી લોકોમાં તેમના નામ અંગે ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

જોકે, 'મચ્છર' એ ગુજરાતની એક જૂની અને પ્રસ્થાપિત અટક છે. તે મુખ્યત્વે ગુજરાતી બ્રહ્મક્ષત્રિય (હાલારી શાખા), તે લોકો માને છે કે તેઓ બ્રાહ્મણ અને ક્ષત્રિયનું મિશ્રણ છે. ગુજરાતમાં હાથી, ઘોડા, માંકડ, પોપટ અને માંકોડી જેવા પ્રાણી-પક્ષીઓ કે કીટકો પરથી પડેલી અટકોનો બહોળો ઈતિહાસ છે. ભગવદ્ગોમંડળ કોશ અનુસાર, 'મચ્છર' શબ્દનો એક અર્થ શૌર્ય, ખુમારી કે ઉત્સાહ પણ થાય છે.

1942માં વિનોદિની નીલકંઠ દ્વારા લિખિત 'ગુજરાતી અટકોનો ઈતિહાસ' પુસ્તક મુજબ, આ અટક 'મત્સર' શબ્દના અપભ્રંશથી, કોઈ ગામના સ્થાનિક નામ પરથી અથવા રમુજી ઉપનામ પરથી ઉદ્ભવી હોવાની શક્યતા છે. આ ઉપરાંત, આ અટક પાકિસ્તાનના કરાચીના માછીમારોના 'મચ્છર કોલોની' વિસ્તાર સાથે પણ સંકળાયેલી છે. પાયલટ સ્મિત મચ્છરની અપ્રતિમ હિંમતે આજે આ અનોખી અટકને ગૌરવ અપાવ્યું છે.

મોદીએ બહાદુર...

વડાપ્રધાન સાથે વીડિયો કોલ પર આ ઘટનાની વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહ્યું કે જ્યારે પણ તેઓ મુશ્કેલીમાં હોય છે, ત્યારે તેઓ ભગવાન હનુમાનને સમર્પિત aછે. હનુમાન ચાલીસાના પાઠ અંગે મછારે વડાપ્રધાનને કહ્યું, "જ્યારે પણ મને પીડા થાય છે, ત્યારે મારા મનમાં માત્ર એક જ વાત આવે છે - હું બસ હનુમાન ચાલીસાના પાઠ કરું છું. એ ક્ષણે પણ હું માત્ર હનુમાન ચાલીસાના પાઠ જ કરી રહ્યો હતો, અને હું જાણું છું કે ભગવાને જ મને બચાવ્યો છે."

પાઈલટે કહ્યું, "હું કોકપિટના ફ્લોર પર ઘાયલ હાલતમાં પડ્યો હતો. મારામાં જેટલી પણ તાકાત બચી હતી, તેનાથી મેં યોગ્ય રીતે નિર્ણય લઈને વિમાનને બચાવી લીધું." તેમણે ઉમેર્યું, "હું મારી પોતાની જિંદગી માટે લડી રહ્યો હતો, પણ સાથે જ હું અન્યોને મરવા નહીં દેવા પણ પ્રતિબધ્ધ હતો. એ ક્ષણ ખૂબ જ નાજુક હતી. એ જ વખતે મને અહેસાસ થયો કે વિમાન નીચે તરફ જઈ રહ્યું છે. મને ઘણી ઈજાઓ થઈ હતી. મને માર મારવામાં આવ્યો હતો, છતાં મેં મારી જાતને કહ્યું કે મારે ઊભા થઈને પગલાં લેવા જ પડશે. તેણે અલબત્ત, આ હુમલો શા માટે થયો તેનો કોઈ ફોડ પાડ્યો ન હતો. હોસ્પિટલના પલંગ પરથી મોદી સાથે વાત કરતા, જેમના માથા પર પાટો બાંધેલો હતો તેવા મછારે વડાપ્રધાનને કહ્યું કે તેઓ ૧૭ વર્ષથી વિમાન ઉડાડી રહ્યા છે, જેમાં ૧૧ વર્ષ કેપ્ટન તરીકેનો અનુભવ છે. પાઈલટની બહાદુરી, સમયસૂચકતા અને સ્વસ્થતાની પ્રશંસા કરતા વડાપ્રધાને કહ્યું કે મછારે સેકન્ડના હજારમા ભાગમાં નિર્ણય લઈને આટલા બધા લોકોના જીવ બચાવ્યા. વડાપ્રધાને મછારની સારી સંભાળ રાખવા બદલ સાઉદી અરેબિયા અને યુએઈ સરકારોનો આભાર માન્યો હતો. પાઈલટ મૂળ ગુજરાતના હોવાથી વડાપ્રધાને મછાર સાથે થોડીવાર ગુજરાતીમાં પણ વાત કરી હતી. મોદીએ સ્મિતના માતા ગીતાબેન સાથે પણ ફોન પર વાત કરી હતી અને એ વાતની નોંધ લીધી હતી કે તેમણે સ્મિતનો ઉછેર મૂલ્યો અને ભગવતગીતાની શિક્ષા મુજબ કર્યો છે.

વેપાર કરાર અંગે તાત્કાલિક કંઈ નહીંઃ અમેરિકી વેપાર પ્રતિનિધિ

બંને પક્ષોએ મતભેદ ધરાવતા મુખ્ય મુદ્દાઓની ઓળખ કરી છે

વેપાર કરારની પ્રક્રિયા અંતિમ તબક્કામાં ટૂંક સમયમાં પીએમ મોદી અને ટ્રમ્પ ફોન પર વાતચીત કરશે

વોશિંગ્ટન, તા. 2 (પીટીઆઈ)ઃ યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવં જેમીસન ગ્રીરે જણાવ્યું છે કે ભારત સાથેના વેપાર કરાર અંગે તાત્કાલિક કશું થાય તેવું લાગતું નથી, પરંતુ બંને પક્ષોએ મતભેદ ધરાવતા મુખ્ય મુદ્દાઓની ઓળખ કરી લીધી છે.

મિલવૌકી ખાતે યોજાયેલી જી-20 વેપાર મંત્રીઓની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા ગ્રીરે ઉમેર્યું હતું કે કરારની પ્રગતિની સમીક્ષા કરવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી 'ખૂબ જ ટૂંક સમયમાં' ટેલિફોનિક વાતચીત કરી શકે છે. ગ્રીરે બુધવારે સાંજે ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે મુલાકાત કરી હતી અને પરસ્પર લાભદાયી વચગાળાના વેપાર કરારને વહેલી તકે આખરી ઓપ આપવા અંગે સકારાત્મક ચર્ચા કરી હતી. ગ્રીરે સ્પષ્ટ કર્યું હતું કે, 'અમે ભારત સાથેના વેપાર કરારને પૂર્ણ કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છીએ અને હવે આ પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.' અગાઉ બુધવારે સવારે મોદી અને ટ્રમ્પ વચ્ચે થયેલી વાતચીતમાં વેપાર, સંરક્ષણ, ઉર્જા અને મહત્વપૂર્ણ તકનીકો સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. ફેબ્રુઆરીમાં બંને દેશોએ દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાની રૂપરેખા આખરી કરી હતી, પરંતુ અમેરિકામાં ટેરિફ સંબંધિત ફેરફારોને કારણે વધુ વાટાઘાટો જરૂરી બની હતી. પીયૂષ ગોયલે પણ તાજેતરમાં જણાવ્યું હતું કે અમેરિકન માર્કેટમાં ભારતને સ્પર્ધકો સામે યોગ્ય લાભ મળશે ત્યાર પછી આ કરાર અમલમાં મુકાશે.

ધર્મ અને રાષ્ટ્ર જુદી નહીં કરી શકાય તેવી બાબતો છેઃ ભાગવત

વિશ્વ સમક્ષના પડકારોનો ઉકેલ લાવવામાં ભારતની જ્ઞાન પરંપરા મહત્વની ભૂમિકા ભજવી શકે

મુંબઈ, તા. ૨(પીટીઆઈ)ઃ આરએસએસ વડા મોહન ભાગવતે શુક્રવારે જણાવ્યું હતું કે ભારતમાં 'ધર્મ' અને 'રાષ્ટ્ર' અવિભાજ્ય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે વિશ્વ સમક્ષ રહેલા પડકારોનો ઉકેલ લાવવામાં ભારતની વિશાળ જ્ઞાન પરંપરા મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

જૈન યુવા સેવા સંસ્થા 'ઓલ ઇન્ડિયા વિહાર સેવા' જૂથના ૧૪મા સંમેલનને સંબોધિત કરતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ભાગવતે જણાવ્યું હતું કે વિશ્વ હાલ વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ, વ્યક્તિગત સ્વતંત્રતા અને કૌટુંબિક જીવન, તેમજ ધાર્મિક શ્રદ્ધા અને સંઘર્ષ વચ્ચેના વિરોધાભાસો સામે ઝઝૂમી રહ્યું છે. ભાગવતે એ પણ કહ્યું કે વિશ્વના આ સંઘર્ષો અને દ્વિધાઓનો ઉકેલ બીજાના ભોગે માત્ર એક પક્ષ પસંદ કરવાથી લાવી શકાય નહીં. તેમણે કહ્યું, "જેમ જેમ વિકાસ વધે છે, તેમ પર્યાવરણને નુકસાન થાય છે. અને જ્યાં પર્યાવરણનું રક્ષણ કરવું પડે છે, ત્યાં વિકાસ થઈ શકતો નથી. વ્યક્તિગત સ્વતંત્રતા વધે છે તેમ પરિવારો તૂટી રહ્યા છે, અને સમાજમાં વિખંડન થઈ રહ્યું છે."

ભાગવતે જણાવ્યું કે ભારત પાસે અન્ય દેશો પર વિજય મેળવ્યા વિના કે લોકોનું ધર્માંતરણ કરાવ્યા વિના પોતાના જ્ઞાનની વહેંચણી કરવાની ઐતિહાસિક પરંપરા છે. તેમણે ઉમેર્યું, "વિશ્વ જાણે છે કે સાચો માર્ગ ભારતમાંથી જ મળશે." તેમણે કહ્યું કે ભારત પાસે વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ગીતા, જૈન આગમ, ત્રિપિટક, ગુરુ ગ્રંથ સાહેબ અને સંતોના ઉપદેશો સહિતનો જ્ઞાનનો બહુ મોટો ખજાનો છે. "આપણા દેશ પાસે જ્ઞાનનો ખૂબ મોટો ખજાનો છે, જેની વિશ્વને આજે જરૂર છે," તેમણે કહ્યું. ભાગવતના જણાવ્યા અનુસાર, આ જ્ઞાનને ધારણ કરનારા લોકોના જીવન અને પરંપરાઓનું રક્ષણ કરવું એ માત્ર ધાર્મિક જવાબદારી નથી પરંતુ માનવતાની સેવા છે. તેમણે કહ્યું કે ભારતની 'રાષ્ટ્ર'ની વિભાવનાને 'ધર્મ'થી અલગ કરી શકાય નહીં.

પશ્ચિમ રેલવે

વિવિધ કામો

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008 દ્વારા ઈ-ટેન્ડર નોટિસ નંબરઃ BCT/26-27/174 તારીખ 29/09/2026 આમંત્રિત કરવામાં આવે છે. કામ અને સ્થળઃ (1) મુંબઈ સેન્ટ્રલ કારશેડ ખાતે 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ'ની જોગવાઈ. (2) મહાલક્ષ્મી :- મહાલક્ષ્મી આરપીએફ કોલોની ખાતે વોટર સપ્લાય નેટવર્કમાં સુધારો. (3) મુંબઈ સેન્ટ્રલ કારશેડઃ લાઈન નંબર 3થી 8ની ઉત્તર બાજુ (જૂની RCC ટ્રસ બાજુ) પર જૂની અને ક્ષતિગ્રસ્ત વેલી ગટર, રૂફ શીટ, NLG બદલવી અને જૂના તથા અસુરક્ષિત પ્રીકાસ્ટ ટ્રસ મેમ્બર્સનું મજબૂતીકરણ. કામની અંદાજિત કિંમતઃ રૂ. 8,08,16,792.97/- ઇએમડીઃ રૂ. 16,16,300/- સબમિટ કરવાની તારીખ અને સમયઃ 27 ઓક્ટોબર, 2026ના રોજ બપોરના 3.00 વાગ્યા સુધી ખોલવાની તારીખ અને સમયઃ 27 ઓક્ટોબર, 2026ના રોજ બપોરે 3.30 વાગ્યે વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0654

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

જાહેર નોટીસ

મહેરબાન સુરતના ૧૬માં એડી. ડિસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં

નવી કોર્ટ બિલ્ડીંગ, રૂમનં. ૪૦૨, ચોથો માળ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત

અરજદારઃ- લતાબેન પ્રદીપભાઈ રાઠોડ,
રહે. એ-૧, એસ.એમ.સી. આવાસ, ગંગેશ્વર મંદિર, અડાજણ, સુરત.
વિરૂધ્ધ
સામાવાળાઃ- કોઈ નહી.

વાલી પરચરણ અરજી નં.૪૭૯/૨૦૨૬.
આંક- ૦૫
એડવોકેટશ્રી
ફેનિલ એ. મહેતા

આથી લાગતા વળગતા તમામ ઈસમોને જાહેર નોટીસ થકી જણાવવાનું કે, ઉપરોકત અરજદારે તેની સગીર પુત્રી નામે કયારા પ્રદિપભાઈ રાઠોડ ના હિસ્સાની મોજે જહાંગીરાબાદ, તા. અડાજણ, જી. સુરતમાં આવેલ સર્વે નં. ૧૭૫ ના બ્લોક નં. ૧૨૨/૧, ટી.પી. સ્કીમ નં. ૪૪ (જહાંગીરાબાદ) ના ફા. પલોટ નં. ૪૩ વાળી બીનખેતીની જમીનમાં મે. જાનકી કોપોરેશન- એક ભાગીદારી પેઢી દ્વારા જાનકી રેસીડન્સી ના નામથી બાંધવામાં આવેલ બિલ્ડીગો પૈકી બિલ્ડીંગ નં.એ/૧, ઈમારતમાં ચોથામાળ ઉપર આવેલ ફલેટ નં. ૪૦૩ વાળી સુપર બિલ્ટઅપ એરીયાની સુમારે ૬૬૫.૦૦ સ.ચો.ફુટ યાને ૬૧.૮૦ ચો.મી તથા બિલ્ટઅપ એરીયાની સુમારે ૪૨૭.૨૬ સુ.ચો.ફુટ યાને ૩૯.૭૧ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી ફલેટ વાળી મિલકત કે જેમાં સગીર કયારાનો પહોંચતા વણવહેંચાયેલ હીસ્સાની મિલકતની તમામ પ્રકારની વ્યવસ્થા, વહેંચણ, વેચાણથી તબદીલ કરવાની મંજુરી મેળવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. આ અરજી વિરૂધ્ધ જે કોઈને વાંધો હોય તો તેઓ જાતે અથવા તેઓના વકીલ મારફતે તા.૦૫.૧૧.૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અગર તો સદર તારીખ પહેલા નામદાર કોર્ટમાં હાજર થઈ વાંધાં રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ આ અરજી સાંભળી કાયદા મુજબ અરજીનો નિકાલ કરશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

તૈયાર કરનાર
(એમ.વી.ડેરવાળીયા)
આસીસ્ટન્ટ
ડીસ્ટીકટ કોર્ટ, સુરત

કોર્ટનો
સિકકો

મુકાબલ કરનાર
(પી.યુ.સિંઘવ)
આસીસ્ટન્ટ
ડીસ્ટીકટ કોર્ટ, સુરત.

હુકમથી
(એચ.એન.સુરતી)
ડે.રજીસ્ટારશ્રી
ડીસ્ટીકટ કોર્ટ, સુરત.

મોજે ઓરમા, તા. ઓલપાડ જી. સુરતના બ્લોક નં. ૧૨૫/૨ વાળી ખેતીની મિલકત અંગે જાહેર નોટીસ

આથી હું એડવોકેટ એન્ડ નોટરી **મણીલાલ બી પટેલ**, રહે. ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરતના ના મારા અસીલ **જહીર સરફૂલ્લા શેખ,** રહે. ગામ ઓરમાં, તા. ઓલપાડ, જી. સુરતના ની સુચના અને ફરમાયસ અનુસાર આ તાકીદની નોટીસ/ચેતવણી થી જાહેર જનતા અને ખરીદવા ઈચ્છતા ઇસમોને જણાવવામાં આવે છે કે : **મોજે ઓરમાં**, તા. ઓલપાડ, જી. સુરત ની નીચે દર્શાવેલ વિગત અને વર્ણનવાળી

અનુ.નં.	બ્લોક નં.	ખાતા નં.	ક્ષેત્રફળ	આકાર (રૂા.પૈસા)
૧	૧૨૫/૨	૨૨૬૦	૧-૨૧-૬૪	૧૧.૪૬

વાળી મિલકત **મુળ માલિક અનીલભાઈ મગનભાઈ**ના **વારસ નિરજકુમાર અનીલભાઈ**એ તેમના હિસ્સાની ક્ષેત્રફળ હે. ૦૦-ગુઠા ૪૦-૫૪ ચો.મી વાળી મિલક્તના વેચાણ અવેજની રકમ રોકડાં અને ચેકથી મોટાભાગની સ્વીકારી મારા અસીલને વેચાણ આપેલ છે. અને આ વેચાણ અંગેનુ એક કબજા વગરનું વેચાણ સાટાખત લખી આપેલ છે. અને આ વેચાણ સાટાખત તારીખ-૦૫ ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ સુરતના નોટરી એડવોકેટ ભાવેશકુમાર જે. પટેલ ના દફતરે ૨૦૬/૨૦૨૫ થી નોંધાવી આપેલ છે. અને સદર મિલકતનું બ્લોક વિભાજન થયેથી બાકીનો વેચાણ અવેજ સ્વીકારીને પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલના નામનો લખી આપનાર છે. જેથી આ તાકીદની જાહેર નોટીસ આપી જણાવુ છું કે સદર મિલકતમાં કોઇએ ખરીદ-વેચાણના કે જમીન તબદીલ થઇ શકે તેવા કોઇ વહેવાર કરવા નહી. ખરીદ વેચાણના કોઈ વહેવાર કરનારને કોઇ ટાઈટલ મળશે નહી. જેની જાહેર જનતા અને લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

મારી સુચનાથી :
જહીર સરફૂલ્લા શેખ
(તા. ૦૩/૧૦/૨૦૨૬)

મણીલાલ બી. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ : એફ ૫/૬, દ્વારિકાધીશ કેમ્પસ,
હાથીસા રોડ, ઓલપાડ, સુરત. મો.૯૮૨૫૬ ૮૨૩૩૩

પશ્ચિમ રેલવે

મુંબઈ ડિવિઝન પર "ઓલ વ્હીકલ્સ પે એન્ડ પાર્ક" નું સંચાલન

ડિવિઝનલ રેલવે મેનેજર, વાણિજ્યિક વિભાગ, પાર્કિંગ સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

ઓક્શન કેટલોગ નંબરઃ BCT-PKG-2627-20 | ઇએમડીઃ બોલી મૂલ્યના 10%
ઈ-હરાજીની તારીખઃ 08-10-2026 | ઈ-હરાજીનો સમય - બપોરે 3.00 વાગ્યે

ક્રમ	સ્ટેશન	સ્થળ	ક્ષેત્રફળ (ચોરસ મીટર)	ઈ-હરાજીની તારીખ
1	બોરીવલી	પશ્ચિમ	211.75	08-10-2026

ઓક્શન કેટલોગ નંબરઃ BCT-PKG-2627-21 | ઇએમડીઃ બોલી મૂલ્યના 10%
ઈ-હરાજીની તારીખઃ 13-10-2026 | ઈ-હરાજીનો સમય - બપોરે 3.00 વાગ્યે

ક્રમ	સ્ટેશન	સ્થળ	ક્ષેત્રફળ (ચોરસ મીટર)	ઈ-હરાજીની તારીખ
1	ગોરેગાંવ	પૂર્વ	336.66	13-10-2026
2	વ્યારા	દક્ષિણ	935.42	13-10-2026
3	દહણૂ રોડ	ઉત્તરપૂર્વ	538	13-10-2026

નોંધઃ વધુ વિગતો માટે, સંભવિત બોલી લગાવનારાઓને આઈઆરઈપીએસ (IREPS) વેબસાઇટ www.ireps.gov.in પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. સ્થળો અંગેની માહિતી ઉપર જણાવેલ કેટલોગમાં લોટ વિગતોમાં ઉપલબ્ધ છે. 0656

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly

મોજે. કાની, નવો સર્વે/બ્લોક નં. ૨૬૫ વાળી જમીન ની વેચાણ અંગેની જાહેર નોટીસ

ડી. સુરત, તા. મહુવા ના મોજે કાનીના જુનો સરવે/બ્લોક નં. ૩૨૯/૨+૩૩૨ કે જેનો નવો સર્વે/બ્લોક નં. ૨૬૫, વોર્ડ કાની (બીનખેતી) સીટી સર્વે નં. NA265 કે જેનું ક્ષેત્રફળ ૨૦૭૦૦ ચો.મી. વાળી બિનખેતીની જમીનના માલિકો **(૧) અશ્વિનભાઈ કેસુરચંદ શાહ, (૨) નયનાબેન અશ્વિનભાઈ શાહ તથા (૩) હેતલકુમાર અશ્વિનભાઈ શાહ** રહે; સુરત નાઓએ સદરહુ જમીન પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદર જમીન અંગે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક-હીસ્સો, દર-દાવો, લાગ-ભાગ યા બેંક, સંસ્થા કે વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન અન્ય પ્રકારના કોઈપણ જાતના હક્ક અધિકાર સમાયેલ હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં તે અંગેના લેખીત પુરાવાઓ સહીત અમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદત દરમ્યાન કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા વિરોધ નોંધાવવામાં નહીં આવે તો મજકુર જમીન અંગે કોઈના કોઈપણ પ્રકારનાં હકકો રહેલ નથી અને હોય તો તે જતાં કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદર જમીન નો કાયદેસરનો સંપૂર્ણ વેચાણ અવેજ ચૂકતે કરી તેનો વેચાણ દસ્તાવેજ/લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) TF-29, ત્રીજા માળ, ઈ-સ્પેસ બિલ્ડીંગ,
શ્રી શ્યામ મંદિરની પાસે, VIP રોડ, વેસુ,
સુરત ફોન નં. ૯૮૨૫૧ ૩૭૨૫૭

રાકેશ એ. વાધવાની
તે ખરીદનારાના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત, તા. મજુરાના શહેર સુરતના સીટી સર્વે વોર્ડઃ ડુમસ (બીનખેતી), સીટી સર્વે નં. એનએ૬૦૧/પીર થી નોંધાયેલી જમીન,, જેનું ક્ષેત્રફળ ૫૪૬૩ ચો.મી. છે, જેને ટી. પી. સ્કીમ નં. ૮૨ માં સમાવેશ કરી ફા. પ્લોટ નં. ૧૯ ફાળવવામાં આવેલ છે અને ફા. પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૩૫૫૧ ચો.મી. છે તે જમીન તેના માલિક ગોવિંદભાઈ રણછોડભાઈ ભુંગાણી પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે.** ઉપર જણાવેલી જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન, વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ (સાત) માં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો તેઓ સિવાય મજકુર જમીનમાં ઉપર જણાવેલા તેના માલિક સિવાય અન્ય કોઈના હક્ક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે "વેઈવ" કર્યા છે, તેમ ગણી મુદત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને મુદત વીત્યે હમારા અસીલ મજકુર જમીન અંગેના પાકા લખાણો કરાવી લેશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ,
પાર્લે પોઈન્ટ, સુરત.

મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

:: ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ શહેર સુરતનાં **મોજે : પાલનપુર** માં આવેલ રે.સ.નં.૧૫૯/૨ વાળી ૪ એકર ૦ ગુંઠાવાળી જમીનમાં શહેરી જમીન ટોચ મર્યાદાની કલમ ૨૧/૧ હેઠળ બનાવવામાં આવેલ રહેણાંકની સોસાયટી કે જે **"એવરગ્રીન કો.ઓ.હા.સો.લી."** જેનો રજી. નં. ૫૨૦૮-ઘ થી નોંધાયેલ છે તે મજકુર સોસાયટીમાં આવેલ **પ્લોટ નં. ૯-બી** જેનું ક્ષેત્રફળ સુમારે ૧૧×૪૫ ફુટ યાને ૪૫.૯૮ ચો.મી. વાળી મીલકત **રાજેન્દ્ર પ્રસાદ S/o રંગાઈ રામ પ્રસાદ** ની માલીકીની ચાલી આવેલ છે. સદરહું મીલકતમાં કોઇ પણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હકક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહીત દિન-૯ માં હમારા નીચે જણાવેલા સરનામે લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું મીલકતમાં કોઇનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને "વેઈવ" કર્યો છે. તેમ માની ટાઈટલ કલીયરન્સ આપવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે. મુદત બાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી. તેની તમામે નોંધ લેવી. (તા. ૦૩/૧૦/૨૦૨૬)

દુકાન નં. 3, બ્લોક નં. 3, પ્લોટ નં. ૧,
મુરલી ફેશનની સામે, રામનગર કોલોની,
રાંદેર રોડ, સુરત. મો. ૮૮૬૬૬ ૯૯૨૧

મયુર એસ. હોટવાણી
એડવોકેટ

અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજી.રસીદ ગુમ થયેલા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનુ છે કે, સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સુરત સીટી સબ ડીસ્ટ્રીકટ, **મોજે ગામ વેસુ**ના સર્વે નં.૨૪૮, ૨૬૦, ૨૬૧, ૨૬૬ તથા ૨૪૭/૩ વાળી કુલ્લે આશરે ૭૮૪૮૭.૧૦ચો.મી જમીનમા આયોજીત **ગ્રીનલેન્ડ** નામથી ઓળખાતી વસાહતમા પાડવામા આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.૯૮** વાળી ૪૧૧.૩૭ સમ.ચો.મી ક્ષેત્રફળવાળી જમીન અને હવે **મહેસુલી રેકર્ડ ઉપર સર્વે નં.૨૬૬/૯૮ થી ઓળખાતી ૪૦૫.૬૧ સમ.ચો.મી** ક્ષેત્રફળ વાળી જમીન તથા આંતરિક રસ્તા અને સી.ઓ.પી ની જમીનમા ફાળે પડતા વગર વહેંચાયેલા હિસ્સા સાથે તથા સોસાયટીના રૂા.૨૫૦/- ની કિંમતના શેર તથા સોસાયટીના સભ્યપદ ધારણ કરવાના હકક સાથે દરોબસ્ત વાળી મીલકતના હાલના માલીક **(૧) ધર્મેશ નટવરલાલ જરીવાલા , તથા (૨) પીન્કલ નટવરલાલ જરીવાલા**, રહે.૪/૩૩૨, દુધારા શેરી, બેગમપુરા, સુરતના ચાલી આવેલ છે મજકુર મીલકતના અગ્રહકકધારી ગ્રીનલેન્ડ કો.ઓ.હા.સો.લી પાસેથી રૂપક રામકિશન દાવરે એ ખરીદ કરેલ. **જે અંગેનો વેચાણ દસ્તાવેજ સુરત સીટી-૧ (અઠવા ઝોન) મા અનુ નં.૧૩૨ થી તા.૦૩.૦૧.૨૦૦૭ થી નોંધાયેલ છે.** તથા ત્યારબાદ ઉપરોકત વર્ણવેલ ખુલ્લા પ્લોટનુ રૂપક રામકિશન દાવરના પાસેથી હેમંતભાઇ રતનલાલ અસારાવાલાએ ખરીદ કરેલ **જે અંગેનો તબદીલીનો દસ્તાવેજ મે.સુરતના સબ રજીસ્ટ્રાર કચેરી સુરત સીટી-૧ (અઠવા ઝોન) મા અનુ નં.૫૪૨૪ થી તા.૦૬.૦૪.૨૦૧૫ થી** નોંધાયેલ છે. તથા ત્યારબાદ ઉપરોકત વર્ણવેલ ખુલ્લા પ્લોટનુ હેમંતભાઇ રતનલાલ અસારાવાલા પાસેથી છાયા જીગેશ શાહ તથા કેયા પાર્થ શાહ એ ખરીદ કરેલ **જે અંગેનો તબદીલી નો દસ્તાવેજ મે.સુરતના સબ રજીસ્ટ્રાર કચેરી સુરત સીટી-૧ (અઠવા ઝોન) મા અનુ નં.૧૨૯૩૦ થી તા.૦૪.૧૧.૨૦૨૦ થી નોંધાયેલ છે.**

ઉપરોકત વર્ણવેલ તમામ વિગતવાળા વેચાણ દસ્તાવેજની અસલ નોંધણીની રસીદ તથા અસલ વેચાણ દસ્તાવેજ હાલના માલીકના જણાવ્યા અનુસાર ગુમ યાને ગેરવલ્લે થઇ ગયેલ છે. જેથી ઉપરોકત વર્ણવેલ તમામ વિગતાવાળા વેચાણ દસ્તાવેજની અસલ નોંધણીની રસીદ તથા અસલ રજી.વેચાણ દસ્તાવેજોના આધારે કોઇના પણ હકક અધિકારો આ મીલકત ઉપર ઉભા થયેલા હોય કે કોઇને વાંધો કે તરતકરાર હોય આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ મા વાંધા-હકક-અધિકાર અંગેના પુરાવાઓ નીચે જણાવેલ સરનામે બતાવી જવા મુદત દરમ્યાન કોઇના વાંધા વિગેરે આવશે નહિ તો કોઇના હકક હિત નથી અને હોય તો જતા કરેલ છે એમ સમજીને આગળની કાર્યવાહી કરવામા આવશે અને નોટીસના સમયબાદ કોઇના વાધા યા હકક-અધિકાર ચાલશે નહિ જેની નોંધ લેવી.

ઓફીસ : ૪૦૩, ચોથા માળે,
શિવેન સ્કેવર, સંજીવકુમાર ઓડીટોરીયમની પાસે,
પાલ, સુરત. મો.નં. ૮૦૦૦૮ ૮૮૨૮૨

મારી મારફત
મિલિન એસ. મોદી
એડવોકેટ

-: જાહેર નોટીસ :-

મોજે – **સીગોદ**, તા. જી. નવસારીમાં આવેલ **ખાતા નં. ૪૦૪, બ્લોક નંબર : જુનો-૭૯/૨, નવો-૪૪૮** વાળી ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૯૦-૨૨ વાળી જમીન, **(૧) ઉષાબેન છીતુભાઈ પરમાર, (૨) રોહિણી છીતુભાઈ પરમાર, (૩) યશપાલ છીતુભાઈ પરમાર** નાઓની સંયુકત માલિકી કબજા ભોગવટા વહીવટની તેમજ સબંધિત રેકર્ડ દફતરે સંયુકત માલિકી હકકે ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી સદરહુ મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, દર-દાવો, હકક, હિસ્સો, હિત સબંધ ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનના હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણુ હોય કે દાવાદુવીના પ્રકરણો ચાલી આવેલા હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ માં લેખિત પુરાવાઓ સહિત હમોને લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં, તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહુ જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ સદરહુ મિલકત સબંધે ભવિષ્યમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા, વચકા, તર-તકરાર કે અન્ય કોઈ દર-દાવો ચાલશે નહીં, જેથી હાલની આ જાહેર નોટીસ આપી છે અને જેની આથી લાગતા વળગતાએ નોંધ લેવી.

હમારી મારફતે,
જયેશ એસ નાયક, ધ્રુવ જે. નાયક (એડવોકેટસ)
ઓફીસ : ૪,વાજપેય શોપીંગ સેન્ટર, પારસી હોસ્પીટલ સામે, લુન્સીકુઈ,
નવસારી મો. ૯૮૭૯૪૮૭૮૨૪, ૮૦૦૦૦૪૪૨૨૪

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, અબ્રામ સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ કઠોરની સીમમાં આવેલ નીચે જણાવ્યા મુજબની ખેડખાતાની ખેતીની જમીનોનાં માલીકો નામે ૧. સુલેમાન મહમદ સીદાત, ૨. સલમા સુલેમાન સીદાત, ૩.રશીદા તે સુલેમાન સીદાતની પુત્રી તથા અબ્દુલ્લાહ બાગીયાની પત્ની, ૪. સલીમ સુલેમાન સીદાત, તથા ૫.આયશા તે સુલેમાન સીદાતની પુગી તથા મોહંમદ બદાતની પત્નીનાઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે.

ક્રમ નંબર	બ્લોક નંબર	ક્ષેત્રફળ હે.આરે ચો.મી.	આકાર રૂ. પૈસા	ખાતા નંબર	સત્તાપ્રકાર
૧.	૪૮૩	૧-૦૪-૨૧	૫.૬૨	૧૭૨૨	જુની શરત
૨.	૪૭૭	૦-૬૮-૮૦	૧૦.૮૧	૧૭૨૨	બીનખેતી પ્રિ. પાત્ર

ઉપરોકત જમીનોનાં માલીકોએ સદર આખી જમીનોનાં ટાઈટલ તદ્દન ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહું જમીનનાં સંપુર્ણ માલીકી અને પ્રત્યેક્ષ કબજા ભોગવટા હેઠળ અને સદરહુ જમીનો તેમને એકલાને હરકોઈ રીતે વહીવટ, વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હકકો સહિત વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી મજકુર જમીનમાં પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે જે કોઈપણ ઇસમ, વ્યકિત, બેન્ક યા બેન્કીગ જેવી સંસ્થા શાહુકારી પેઢી યા સોસાયટીનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ-હીત- દર-દવો. હુકમનામુ કે ખાધા-ખોરાકી. યા લીયન, ઇઝમેન્ટનાં હકકો યા રાજય સરકારનાં કોઈપણ ખાતાનાં બોજા, ચાર્જ, લેણા યા બોજો હોય કે કોઈ સાટાખત હોય કે વાંધો હોય તો તેઓએ આધારભુત દસ્તાવેજી પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં હમારો રૂબરૂ સંપર્ક કરી હમીને લેખિતમાં જાણ કરવી. જો સદર મુદતમાં તેવા કોઈ વાંધા રજુ થશે નહી તો મુદત વિત્યે સદર જમીનમાં કોઇનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો દરદાવો કે બોજો નથી અને હોય તો તે જતા/વેવ કર્યા છે. તેમ ગણી મારા અસીલ સદર વેચાણ વ્યવહાર પુર્ણ કરી કાયદેસરનાં પાકા રજીસ્ટર્ડ લખાણી કરાવી લેશે, ત્યારબાદ જમીનનાં ટાઇટલ સંબંધી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, વાંધા-વચકા ચાલેશે નહી, જેની આથી જાહેર જનતા તથા લાગતા- વળગતા સૌએ નોંધ લેવી. તા. ૦૩/૧૦/૨૦૨૬

કિરણ એમ. પટેલ
એડવોકેટ
Mob.No. : 70466 50970

મહેન્દ્ર એમ. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
Mob.No. : 98245 69273

ખરીદનારનાં એડવોકેટસ
ઓફિસ : ૯, સ્મિત રેસીડેન્સી, ક્રોસ રોડ, અમરોલી, સુરત-૩૯૪૧૦૭.